SUPPORTED BY GREATER LONDON AUTHORITY GROUNDWORK

# GLA મતદાર ઓળખ (વોટર આઈડી) જાગૃતિ અભિયાનવૃત્તિ તબક્કો બીજો

## 1. પ્રાસ્તાવિક

ધ ગ્રેટર લંડન ઓથોરીટી (GLA) તેઓના નાગરિક અને લોકતાંત્રિક સહભાગી કાર્યક્રમના ભાગરૂપે મતદાર આઈડી જાગૃત્તિ અભિયાનવૃત્તિનો બીજા તબક્કો ચલાવી રહ્યા છે. ચૂંટણી ધારા (2022) દ્વારા મતદાન પધ્ધતિમાં લાવવામાં આવેલા પરિવર્તનમાં ખાસ કરીને, ફોટો મતદાન આઈડીના પરિચયના બિન-નોંધેલ અને લઘુમતીવાળા લંડન વાસીઓ પર અસર કરતાં તથા અમુક ઇયુ લંડન વાસીઓના મતદાન અધિકારોના પરિવર્તનની સમાનતાના સૂચિતાર્થની જાગૃતિ જગાવવા માટે આ અનુદાન કાર્યક્રમને જીએલએના વ્યાપક મતદાર ઓળખ (આઈડી) જાહેર જાગૃતિ અભિયાન[1] સાથે જોડવામાં આવેલ છે.

આ અનુદાન કાર્યક્રમ નાગરિક સમુદાયની સમાનતાનું નેતૃત્વ કરતા જૂથોને લંડનમાં સૌથી વધુ બિન-નોંધેલ અને લઘુમતીવાળા સમુદાયો માટે ભરોસાપાત્ર સમુદાયના માળખામાં લક્ષિત જાગૃતિ જગાવવા અને સંબંધિત માહિતી પૂરી પાડતી પ્રવૃત્તિ પહોંચાડવા માટે ભંડોળ પૂરું પાડે છે, કે જેઓ પર આ પરિવર્તનોની અસર થવાની સૌથી વધુ સંભાવના છે.

જીએલએ વિશ્લેષણે આ મુજબના જૂથોને સૌથી વધુ પ્રભાવિત થનારા જૂથો તરીકે દર્શાવે છે.

- યુવાન લંડન વાસીઓ (18-25 વર્ષના)
- શ્યામવર્ણના, એશિયન, ઇયુ લંડન વાસીઓ સહિતના લઘુમતી પ્રજાતિના અને સ્થળાંતર પામેલા લંડન વાસીઓ
- બહેરા અને વિકલાંગ લંડનવાસીઓ
- યુવાન લંડન વાસીઓ (60 વર્ષ ઉપરના)
- વિપરીત લિંગના અને બિન-દ્વિસંગીને ધ્યાનમાં લઈને, સમલિંગી સ્ત્રીઓ-પુરુષો, દ્વિલિંગી, વિપરીતલિંગી લંડન વાસીઓ
- ઓછી આવક ધરાવતા લંડન વાસીઓ
- નિરાશ્રિતો, સામાજિક અને ખાનગી ભાડુંઆત લંડન વાસીઓ

સમાનતાનું નેતૃત્વ એટલે કે,એક સંસ્થાના ઓછામાં ઓછા 50% સંચાલનના સભ્યો (ટ્રસ્ટીઓ અને વરિષ્ઠ સંચાલનના સભ્યો) અને કર્મચારીઓ નીચે દર્શાવેલી એક કે તેથી વધુ ઓળખ સાથે ઓળખવામાં આવે અને તેઓ જે નાગરિક અને લોકતાંત્રિક અવરોધોની જાણ કરવા માંગતા હોય તેનો અનુભવ ધરાવતા હોય.

તમે £25,000 થી - £50,000 સુધીની રકમના અનુદાનની અરજી કરી શકો છો.

## 2. આ કાર્યક્રમના હેતૂઓ શું છે?

અનુદાનના કાર્યક્રમના બે તબક્કાઓના હેતુઓ છે:

- ભરોસાપાત્ર સમુદાયના માળખામાં સ્થાનિક સ્તરે અને સમગ્ર લંડનમાં મતદાન પધ્ધતિના પરિવર્તન બાબતે નિષ્પક્ષ જાગૃતતા અને માહિતીયુક્ત પ્રવૃત્તિઓ વિતરીત કરવી.
- બિન-નોંધેલ અને લઘુમતીવાળા સમુદાયોથી માંડીને લંડનવાસીઓમાં, વિશ્વવ્યાપી રોગને કારણે તથા જીવન-નિર્વાહ તંગીને લીધે વિષમતાપૂર્વક અસર પામેલા લોકોમાં જાગૃતતા જગાવવી, અને ખાતરી કરવી કે તેઓને મત આપવા માટે નોંધણી કરવાં, માન્ય ફોટો મતદાર આઈડીની અથવા ની:શુલ્ક મતદાન ઓથોરીટી સર્ટીફિકેટની અરજી કરવા સહાય કરવી જેથી તેઓ પોતાનો હક્ક અને તેઓના મત ન ગુમાવે.

[1] ચૂંટણી આયોગ, નગર ચૂંટણી સેવાઓ અને વ્યાપક નાગરિક સમુદાયના સંગઠનના સહયોગ સાથે સમગ્ર લંડનમાં જાન્યુઆરી 2023થી પહોંચાડવામાં આવતા જાહેર જાગૃતિ અભિયાનનો સમાવેશ અન્ય પ્રવૃતિમાં થાય છે. વધુ માહિતી જીએલએ નિર્ણય પત્રક ડીડી 22597માં મળી શકશે, https://www.london.gov.uk/decisions/dd2597-voter-id-awareness-campaign-expanded પર ઉપલબ્ધ છે. જીએલએના નાગરિક અને લોકતાંત્રિક સહભાગી કાર્યક્રમની નિષ્પક્ષ પ્રવૃત્તિના અગાઉના ઉદાહરણો https://registertovote.london/ પર પણ મળી શકશે.

- દાન અને ચૂંટણીના કાયદાની હતોત્સાહીક (નિરુત્સાહી) અસર જણાવીને લોકશાહી ક્ષેત્રમાં કામ કરતાં નાગરિક સમુદાયના સંગઠનની સંખ્યા, ક્ષમતા અને સ્થિતી સ્થાપકતામાં વધારો કરવો અને ખાતરી કરવી કે તેઓની હાલની ચાલી રહેલી/ભવિષ્યની પ્રવૃત્તિ તથા કાર્યક્રમમાં લાંબા-ગાળાના પારંપરિકરૂપે નાગરિક અને લોકશાહી સંબંધી સહભાગિતા સંમિલિત રહે.

**તબક્કો બીજો - જુલાઇ 2023 થી જાન્યુઆરી 2024 મતદાર આઇડી સમુદાયની જાગૃતિ અનુદાન**

તબક્કા પહેલામાં (જાન્યુઆરી થી માર્ચ 2023) પ્રવૃત્તિનું નિર્માણ કરતાં, આ અનુદાનના ગાળામાં મત માટે નોંધણી, સ્વીકાર્ય ફોટો મતદાર આઇડી અથવા ની:શુલ્ક વોટર ઓથોરીટી સર્ટિફિકેટની અરજી જેવા લોકતંત્રના હક્કોના વપરાશના સમર્થન પર ધ્યાન કેન્દ્રિત કરતાં છ મહિનામાં ચાલનારી પ્રવૃત્તિ માટે ઉચ્ચ કક્ષાનું ભંડોળ પૂરું પાડે છે.

આ અનુદાન માટે અરજી કરતી સંસ્થાઓએ તેઓના લક્ષિત સમુદાયના કદ અને ધોરણો વિષે વિચાર કરી અને અપિલની માહિતીઓ પૂરી પાડવી, ભૌગોલિક સ્થળો જ્યાં પ્રવૃત્તિ થવાની હોય તેની માહિતી, અને તેઓના અભિગમની માહિતી/પુરાવા અને સમુદાયની ભાષામાં સામગ્રીઓ સહિતની અન્ય કોઈ સુગમતા બાબતની જરૂરીયાતોની માહિતીઓ પૂરી પાડવી.

અમને આશા છે કે સમગ્ર લંડનમાં કાર્ય કરતી સંસ્થાઓ અને/અથવા ઔપચારિક/અનૌપચારિક ભાગીદારી સાથે અથવા એકજૂથના નેટવર્કના ભાગ તરીકે કાર્યરત અન્ય સંખ્યાબંધ સંસ્થાઓને ભારે અનુદાનનો પુરસ્કાર આપવામાં આવશે. તેનો અર્થ એ છે કે મોટી સંખ્યામાં તેઓ વ્યાપેલા હશે અને વિતરણ માટેના સંપર્કો હશે અને નોંધપાત્ર વ્યક્તિગત પ્રવૃત્તિ ચલાવવા માટે સ્થળો પર સમુદાયોથી જોડાયેલા હશે.

અનુદાનના પુરસ્કારની સંખ્યા સમુદાયના કદના વ્યાપને; અને એ સમુદાય સુધી પહોંચવા માટે પ્રભાવશાળી પ્રદર્શનને પ્રતિબિંબિત કરે છે. અમે આશા કરીએ છીએ કે અરજદાર જણાવે કે કોણ તેઓનો સમુદાય છે, તેઓના સમુદાયનું કદ અને ભૌગોલિક સ્થળ; નાગરિક અને લોકશાહી સહભાગીતામાં તેઓએ અનુભવેલા રચનાત્મક અવરોધો; તેઓ કેટલા અસરકારક રીતે સમુદાય સુધી પહોંચશે, આ કાર્યક્રમને પહોંચાડવા તેને (સોશ્યલ મીડિયાના અભિયાનો સહિત) શ્રેષ્ઠ રીતે ઓનલાઇન અને ઓફલાઇન (વ્યક્તિગત આયોજનો સહિત) કરવા.

**3. ક્યા પ્રકારના પ્રોજેક્ટોને સહાય આપવામાં આવશે?**

ભરોસાપાત્ર સમુદાયના સ્થાનોમાં સૌથી વધુ બિન-નોંધેલ અને લઘુમતીવાળા અને મતદાન પધ્ધતિના પરિવર્તનોથી સૌથી વધુ પ્રભાવિત થવાની સંભાવના ધરાવતા સમુદાયો માટે લક્ષિત જાગૃતિ જગાવવા અને તેને સંબંધિત માહિતી પૂરી પાડતી પ્રવૃત્તિ પહોંચાડવા માટે સંસ્થાઓને સહાય કરવા માટે આ ભંડોળ આપવામાં આવે છે.
પ્રવૃતિમાં સમાવેશ કરવામાં આવી શકે છે (પણ તેને સીમિત નહીં):

- જાગૃતિ જગાવવાને લક્ષિત ઓનલાઈન (ઇન્ટરનેટ પર) અને ઓફલાઇન (વાસ્તવિક) સામુદાયિક પ્રવૃત્તિઓની એક શ્રેણી
- વર્કશોપ/1:1 સત્રમાં મત માટે નોંધણી, સ્વીકાર્ય ફોટો મતદાર આઇડી અથવા ની:શુલ્ક મતદાર ઓથોરીટી કાર્ડની અરજી કરવા માટે લંડનવાસીઓને સહાય કરવા
- માહિતી ખાતરી પૂર્વક પૂરતા પ્રમાણમાં પહોંચાડવા માટે સ્વયંસેવકોના સ્થાનિક માળખાનો વિકાસ
- લંડનવાસીઓ પોતાના હક્ક અને તેઓના મતનો વધારે સારી રીતે ઉપયોગ કરે અને રાજકીય સાક્ષરતાની બેઠકો સહિત લોકશાહીની પ્રક્રિયામાં ભાગ લે તેના માટે સહાય કરવા માટે અવકાશોનું સર્જન.
- જાગૃતિ જગાવવા અને સહાય આપવા માટે સંબંધિત ઉત્સવો, મેળાઓ વગેરેમાં સ્ટોલ સહિતના સ્થાનિક સમુદાયોના મોટા આયોજનો.
- સમગ્ર લંડનમાં સામાન્ય પ્રચાર માધ્યમો અને/અથવા ખાસ સમુદાયોના પ્રચાર માધ્યમોમાં કન્ટેન્ટ (સામગ્રી), દા.ત. ટીવી સ્ટેશનો, પ્રેસ, રેડિયો, ન્યૂઝ, બ્લોગ વગેરે.
- લંડનના ભૌગોલિક ક્ષેત્રોમાં (દા. ત. નગરોની સંખ્યા અથવા એક લંડનનો એક પેટા-પ્રદેશ, વગેરે) બિન-નોંધેલ અને લઘુમતીવાળા સમૂહો સુધી પહોંચવા માટે ભાગીદારી રચવી અથવા એક ચોક્કસ પ્રજાતિના બધા લંડનવાસીઓ અથવા સમગ્ર લંડનમાં અન્ય સુરક્ષિત લક્ષણોના બેકગ્રાઉન્ડ ધરાવનાર સાથે ભાગીદારી રચવી.

અનુદાન આપવામાં આવેલી પ્રવૃત્તિ સમુદાયોમાં ઓગસ્ટ 2023 અને ફેબ્રુઆરી 2024 વચ્ચે થવી જોઈએ. જૂન 2023માં શરૂ થનારા, તબક્કા બીજાના ઉચ્ચ-સ્તરના જીએલએના જાહેર જાગૃતિના અભિયાનને પૂરક અને સહાયક હોવું આવશ્યક છે. માત્ર જૂજ અને અપવાદરૂપ સંજોગોમાં,કિસ્સા દર

કિસ્સામાં જીએલએ દ્વારા તપાસ થવી જોઈએ પ્રવૃત્તિ માર્ચ 2024 ની શરૂઆતમાં પહોંચાડવાની મંજૂરી આપવામાં આવશે, કારણ કે તે કડકપણે નિયંત્રિત મતદાન-પૂર્વેના ગાળામાં મે 2024માં લંડન મતદાનમાં આવશે.

સમગ્ર સંસ્થાઓ અને પ્રોજેકટો તેઓના નેતૃત્વ હેઠળ આ પરિવર્તનો દ્વારા સૌથી વધુ અસર થવાની શક્યતા ધરાવતા જૂથો માટે અને જૂથો દ્વારા થવા આવશ્યક છે (સમાનતાની આગેવાની કરતાં હોવાની આપમેળે જાણ કરવી એ જ માત્ર પૂરતું નથી) અને તે લંડનમાં થવા આવશ્યક છે; તેમાં ચોક્કસ સ્થળનો સમાવેશ થાય છે અને સમગ્ર લંડનમાં થનારી પ્રવૃત્તિ છે.

અનુદાનના કાર્યક્રમના પહેલા તબક્કે જાન્યુઆરી અને માર્ચ 2023માં પ્રવૃત્તિ પહોંચાડવામાં આવી હતી. અનુદાન મેળવનારાઓ અને તેઓની જીએલએ લોકતાંત્રિક કેન્દ્રની તેઓની પ્રવૃત્તિ વિષે વધુ વાંચો (registertovote.london)

https://registertovote.london/home/voter-id-landing-page/gla-voter-id-awareness-campaign-grants/

**નિષ્પક્ષતા**

અનુદાન મેળવનારાઓ તરફથી આશા કરવામાં આવે છે કે તેઓ જાગૃતિ જગાવે અને નિષ્પક્ષ રાજનૈતિક સમુદાયની પ્રવૃત્તિ ચલાવે જેથી લક્ષિત માળખાઓ અને વ્યક્તિગત લોકો દરેક તકમાં મતની નોંધણી,સ્વીકાર્ય ફોટો મતદાન આઇડી મેળવવા/રિન્યૂ કરવા અથવા ની:શુલ્ક વોટર ઓથોરીટી સર્ટિફિકેટની અરજી કરવા અને અન્ય સંબંધિત ચૂંટણીમાં મત આપવા માટે તૈયાર રહી તેઓના નાગરિક અને લોકતાંત્રિક હક્કોનો ઉપયોગ કરે.

આ અનુદાનના કાર્યક્રમમાં સફળતાપૂર્વક અરજી કરવા માટે, સંસ્થાઓ નિષ્પક્ષતાને રજૂ કરી શકતી હોવી જોઇએ. તેનો અર્થ એવો થાય છે કે તમારા સમગ્ર આગલા/હાલના કાર્યમાં, સોશ્યલ મીડિયાની પ્રવૃત્તિ, અને તમારા વરિષ્ઠ નેતૃત્વ અને ટ્રસ્ટીઓ/સંચાલક કમિટીમાં રાજનૈતિક તટસ્થતા - તેનો અર્થ એવો થાય છે કે તેઓ હાલના ચૂંટાયેલા અધિકારીઓ ન હોઇ શકે (જેમ કે, સ્થાનિક સભાસદો, પાર્લામેન્ટના સભ્યો) સિવાય કે મુખ્ય રાજનૈતિક પક્ષો તમારા નેતૃત્વ અને શાસકીય સંરચનાઓ અને સમિતિઓમાં સમાનરૂપે રજૂ કરવામાં ન આવ્યા હોય તો એક પક્ષને બીજા ઉપર મંચ આપવામાં નથી આવતું. તો પણ તમારી સંસ્થા સામાજિક ન્યાય અભિયાનોમાં અને તમારા કારણ(ણો)ના ટેકારૂપે હિમાયતી પ્રવૃત્તિમાં જોડાઇ શકે, જ્યાં સુધી કે તેઓ નિષ્પક્ષ રાજનીતિ વિષયક છે.

જો સફળ થાય તો, આ અનુદાન કાર્યક્રમ દ્વારા પ્રસ્તુત બધા પ્રોજેકટની પ્રવૃત્તિ અને સંવાદ સંદેશ, જોડાણ અને વિતરણની રીતે દરેક વખતે નિષ્પક્ષ રહેવો આવશ્યક છે. દરેક વખતે જાહેર કરવામાં આવેલ બધી સામગ્રીઓ રાજનીતિની દ્રષ્ટિએ તટસ્થ, હેતુસર, વાસ્તવિક અને તટસ્થ હોવી જોઇએ; જીએલએ દ્વારા અગાઉથી જ ઉત્પાદિત કરવામાં આવેલ સામગ્રીઓ ડુપ્લિકેટ નથી (તેને અનુદાન મેળવનારાઓને આપવામાં આવશે). કોઇ પણ પ્રવૃત્તિ અને સામગ્રીઓને, બંને અનુદાનની અરજીની પ્રક્રિયા દરમ્યાન અને ડિઝાઇન અને વિતરણના તબક્કામાં જીએલએને તેની ચકાસણી કરવાનો હક્ક છે.

શાઉટ આઉટ યુકે અને ધ જીએલએ દ્વારા બનાવવામાં આવેલ હાલના મતદાર આઇડી સામગ્રીઓ પર એક નજર કરો, અરજદારોને અન્ય વધારાની સામગ્રીઓ સાથે તેનો ઉપયોગ કરવા ઉત્સાહિત કરવામાં આવે છે.

https://registertovote.london/home/voter-id-landing-page/

**4. કેટલું ભંડોળ ઉપલબ્ધ છે?**

અમારી પાસે નાગરિક સમુદાયની સંસ્થાઓને આ કાર્ય વિતરણમાં સહાય કરવા માટે £556,900 સુધીનું અનુદાન પાત્ર છે.

સંસ્થાઓ £25,000 - £50,000 વચ્ચેની રકમના અનુદાનની અરજી કરી શકે છે.

SUPPORTED BY

કરાર સહી કરતી વખતે 50% રકમ ચૂકવવામાં આવશે, પ્રથમ વચગાળાનો રિપોર્ટ રજૂ કર્યા પછી 25% રકમ ચૂકવવામાં આવશે (ઑક્ટોબર 2023ની મધ્યે), અને 25% રકમ આખરી મૂલ્યાંકન અહેવાલ (માર્ચ 2024ના અંતે) આપતી વખતે ચૂકવવામાં આવશે.

વધારામાં £27,000નું સુલભ પાત્ર પણ છે જે ગ્રાઉન્ડવર્ક લંડન સંભાળશે. ગ્રાઉન્ડવર્ક ખાતરી કરશે કે બધા સબંધિત કાર્યક્રમના દસ્તાવેજો બહેરા અને વિકલાંગ લંડનવાસીઓ માટે સુલભ હોય (મોટી પ્રિન્ટ, સરળ વાંચન અને બીએસએલ) અને બહેરા અને વિકલાંગ લંડનવાસીઓની આગેવાનીથી ચાલતા નાગરિક સમુદાયના જૂથોની અરજીઓને વિતરણ અને મૂલ્યાંકનના તબક્કે ટેકો મળે.

**5. કોણ અરજી કરી શકે છે?**

અરજી માટે પાત્ર થવા, અરજદારોએ આ મુજબના ધોરણને પૂરા કરવા આવશ્યક છે:

- સંસ્થાઓ બિન-નફાકારક હોવી જોઇએ, જેમ કે:
  - નોંધાયેલ, મુક્તિ મેળવેલ, અથવા દાન સ્વીકાર કરનાર
  - ચેરિટેબલ ઇનકોર્પોરેટેડ ઓર્ગેનાઇઝેશન (સીઇઓ)
  - બાયંધરી દ્વારા મર્યાદિત સામુદાયિક લાભની કંપની
  - બાયંધરી દ્વારા મર્યાદિત કંપની (એ પણ નોંધાયેલ દાન નથી)
  - સામાજિક સાહસ
  - સામુદાયિક લાભ સોસાયટી (ઔધોગિક અને પ્રોવિડન્ટ સોસાયટી)
  - આસ્થાનો સમુહ, જેમાં ધર્મને પ્રોત્સાહન આપતી પ્રવૃત્તિ નથી
  - સમુદાયના શોખીન લોકોનું રમત-ગમતનું ક્લબ
  - રચાયેલ પરંતુ અસંગઠીત ક્લબ કે એસોસિયેશન
  - રાચાયેલ ભાડૂઆત અને નિવાસીઓના એસોસિયેશનો, અને ભાડૂઆત સંચાલનની સંસ્થાઓ
  - રચાયેલ સામુદાયિક જુથ
  - સમુદાયના આધાર-માળખાની સંસ્થાઓ અથવા સમાન હેતુઓની સંસ્થાની એક સંસ્થા
  - બિનરચાયેલ સામુદાયિક જુથ
  - પરસ્પર સહાય જૂથો
- બિનરચાયેલ સમુદાય અથવા પરસ્પર સહાય જૂથો અરજી કરી શકે છે, પરંતુ તમારી અરજીના ટેકા માટે રચાયેલ પ્રાયોજકની સંસ્થા સાથે તમે કાર્ય કરતાં હોવાં જોઇએ.
- સંસ્થાઓ લંડન નગર પાલિકામાં અને લંડન સ્થિત પત્ર-વ્યવહારના સરનામાં સાથે કાયમી પણે સ્થિત હોવી આવશ્યક છે. તેમાં નાગરિક સોસાયટી સંસ્થાઓનો સમાવેશ થાય છે જેમાં પ્રાદેશિક અથવા રાષ્ટ્રીય નાણાં મોકલી શકે.
- સંસ્થાઓ બિન-પક્ષી રાજનૈતિક પ્રતિષ્ઠા ધરાવતી હોવી જોઇએ અને જીએલએના નાગરિક અને લોકતાંત્રિક સહભાગી કાર્યક્રમોનું નિયમન કરતી કાયદાની માર્ગદર્શિકાઓને પૂરી કરતી હોવી જોઇએ. (કલમ 14 જોવા વિનંતી)
- સંસ્થાઓ સમાનતાના નેતૃત્વવાળી હોવી આવશ્યક છે. એટલે કે,એક સંસ્થાના ઓછામાં ઓછા 50% સંચાલનના સભ્યો (ટ્રસ્ટીઓ અને વરિષ્ઠ સંચાલનના સભ્યો) અને કર્મચારીઓ પ્રાસ્તાવિકમાં દર્શાવેલી એક કે તેથી વધુ ઓળખ સાથે ઓળખવામાં આવે અને તેઓ જે નાગરિક અને લોકતાંત્રિક અવરોધોની જાણ કરવા માંગતા હોય તેનો અનુભવ ધરાવતા હોવાં જોઇએ.

અરજી કરવામાં કોઇ પ્રતિબંધો નથી જો ભૂતકાળમાં તમને જીએલએ ભંડોળ મળ્યું હોય અથવા અન્ય પ્રોજેક્ટ માટે તમને જીએલએ ભંડોળ મળતું હોય. પણ ખાતરી કરવી કે ખાસ કરીને ચૂંટણી ધારાના સમાનતાના પ્રભાવોને ધ્યાનમાં લઈને તમે અનુદાનના ભંડોળની રકમ કેવી રીતે વાપરવાના છો તેના પર ભાર દેવા વિનંતી છે અને માંગણીના મૂલ્યાંકનના આંકડામાં તમામ અન્ય મુદ્દાઓ જણાવવા વિનંતી છે.

ભારી માંગની આગાહીને અને સમગ્ર લંડનમાં શક્ય હોય એટલી સ્થાનિક સંસ્થાઓ સાથે કામ કરવાની ઈચ્છા હોય; અરજદાર દીઠ વધુમાં વધુ એક પ્રોજેક્ટ રજૂ કરી શકાય એવી શક્યતા છે. એકથી વધુ અરજીઓનો અસ્વીકાર કરવામાં આવશે.

**6. કોણ અરજી નથી કરી શકતા?**

- વ્યક્તિગત લોકો, અથવા વ્યક્તિગત લોકો વતી અરજી કરતી સંસ્થાઓ
- ધંધાદારી કે નફાકારક સંસ્થાઓ જેમાં, નીચે મુજબનો સમાવેશ થાય છે:
    - શેર દ્વારા મર્યાદિત કાયદેસરના દરજ્જાની કંપનીઓ
    - બિન-નફાકારક પ્રાયોજક સાથે જેઓએ અરજી કરી હોય તે સહિત નફાકારી સંસ્થાઓ
    - બિન-નફાકારક પ્રાયોજક સાથે જેઓએ અરજી કરી હોય તે સહિત એકાકી વેપારીઓ
- એવી સંસ્થાઓ કે જેઓના નિયમન પત્રકમાં દાનની રકમના વિચ્છેદન કે વિસર્જનની કલમ ન હોય
- સ્થાનિક સત્તાઓ
- શાળાઓ કે ઔપચારીક શૈક્ષણિક તંત્રો, જો કે અમે સહર્ષ સમુદાયના શૈક્ષણિક જૂથો તરફથી અરજીઓ સ્વીકારીશું, જેમ કે પુસ્તકાલય ઘરકામ ક્લબ, ઇએસઓએલ (અન્ય ભાષા બોલનારાઓ માટે અંગ્રેજી) જૂથો, શાળાના સમય બાદના પ્રોજેકટો
- જે સંસ્થાઓના પ્રોજેકટોમાં આ મુજબની પ્રવૃત્તિઓ આવરી લેવાતી હોય:
    - પ્રવૃત્તિઓ જેમાં વ્યક્તિ લાભ માટે નફો થતો હોય.
    - ધાર્મિક પ્રવૃત્તિ કરતી કે તેને પ્રોત્સાહન આપતી પ્રવૃત્તિઓ. અથવા કોઈ પણ પ્રવૃત્તિ કે ચોક્કસ માન્યતાની પધ્ધતિને સક્રિયપણે પ્રોત્સાહન આપતી હોય (અથવા વાસ્તવમાં માન્યતાનો અભાવ હોય). આસ્થા-આધારિત સંસ્થાઓ અરજી કરી શકે છે, પરંતુ અનુદાનિત પ્રવૃત્તિઓ દર્શાવેલ નિષેધ બાબતો અંતર્ગત આવવી ન જોઈએ.
    - રાજનૈતિક પક્ષની પ્રવૃત્તિઓ અને ચોક્કસ રાજનૈતિક પક્ષો અથવા ઉમેદવારોને રાજનૈતિક સહાયને પ્રોત્સાહિત કરતી પ્રવૃત્તિઓ. તેમાં રાજનૈતિક પક્ષો સાથે જોડાયેલ સિવિલ સોસાયટી અથવા તેના વગવાળા જૂથોનો સમાવેશ થાય છે.

સંસ્થાઓએ નિષ્પક્ષતાની જરૂરિયાતને પહોંચી વળવી આવશ્યક છે.

**7. અરજદારો માટે શું સહાય ઉપલબ્ધ છે?**

અનુદાનના કાર્યક્રમનો વહીવટ ગ્રાઉન્ડવર્ક સંભાળે છે અને દરેક અરજદારો અને અનુદાન મેળવનારાઓને સહાય આપે છે. ફોન અને ઈમેલ દ્વારા તમે ગ્રાઉન્ડવર્ક સાથે સંપર્ક કરી શકો છો, જરૂર જણાય તો રૂબરૂ બેઠકો શક્ય છે. અમે ભાગીદારો, સ્વયંસેવકો, અંદાજકામ, લે-વેચની વ્યવસ્થા અને વાતચીતના વ્યવહારો અને અન્ય ક્ષેત્રોમાં સલાહ આપી શકીએ છીએ. જો તમને અનુદાન કાર્યક્રમમાં કોઈ પણ પ્રશ્ન હોય અથવા કાયદાની માર્ગદર્શિકા અને નિષ્પક્ષતાની જરૂરિયાત માટે VoterIDGrants@groundwork.org.uk પર ઇમેલ કરવા અથવા 020 7239 1390 પર ફોન કરવા વિનંતી.

અરજીની પ્રક્રિયા દરમ્યાન અને આગળની પ્રક્રિયા માટે £27,000 સુધી ભંડોળ મળી શકે છે. આ સહાય કિસ્સા દર કિસ્સાના આધારે આપવામાં આવશે જેથી અમે અનુરૂપ સહાય આપી શકીએ. જો એ તમને લાગુ પડતું હોય, અથવા તમે બહેરા અને વિકલાંગ દ્વારા ચાલતી સંસ્થા છો અને વધારાની સુલભ સહાયની જરૂર હોય તો, VoterIDGrants@groundwork.org.uk પર ઇમેલ કરવા અથવા 020 7239 1390 પર ફોન કરવા વિનંતી.

દરેક અરજદારોને સલાહ અને સહાય આપવા માટે ગ્રાઉન્ડવર્ક ઓનલાઈન(ઇન્ટરનેટ પર થતી) અરજીનો વર્કશોપ કરશે. અનુદાનના કાર્યક્રમ વિષે જાણવા માટેની તક છે, જેમાં કયા પ્રોજેકટોને સહાય કરવામાં આવશે, કોણ તેને પાત્ર છે અને ભંડોળ વિશેના કોઈ પણ પ્રશ્નો તમને હોય તેના જવાબ આપવામાં આવશે. જો તમે તેમાં હાજરી આપવા માંગતા હોવ, તો નીચેની લિંકથી અથવા ગ્રાઉન્ડવર્કની વેબસાઇટથી નોંધણી કરવા વિનંતી.

મંગળવાર 27મી જૂન 2023, 12:00 – 13:30 - અહીં નોંધણી કરો

બુધવાર 5મી જુલાઇ 2023, 17:30 – 19:00– અહીં નોંધણી કરો

SUPPORTED BY GREATER LONDON AUTHORITY GROUNDWORK

**8. અમે કેવી રીતે અરજી કરી શકીએ?**
અહીં અરજીના પોર્ટલ મારફતે અહીં અરજી કરવા વિનંતી, જેનો ઉપયોગ તમે અહીં ગ્રાઉન્ડવર્કની વેબસાઇટ પર પણ, કરી શકો છો. અરજીના પોર્ટલ પણ લઈ જતાં પહેલાં, તમે અને તમારો પ્રોજેક્ટની ભંડોળની પાત્રતાની ખાતરી કરવા માટે તમને પાત્રતાને લગતી પ્રશ્નાવલી ભરવાનું કહેવામાં આવશે. અરજી કરવા માટે, ઓનલાઇન પોર્ટલ વડે અરજી પત્રક પૂરું ભરીને તમારી અરજી આપશો.

તમારી અરજી આપતા પહેલાં ગ્રાઉન્ડવર્કની વેબસાઇટ પર ખાતરીથી અનુદાનના કાર્યક્રમ વિષેની માહિતી અને માર્ગદર્શન વાંચશો. જો તમને કોઈ પ્રશ્નો હોય અથવા તમારી અરજીને પૂરી કરવા માટે વધારાની સહાયની જરૂરિયાત હોય તો, VoterIDGrants@groundwork.org.uk પર ઇમેલ કરવા અથવા 020 7239 1390 પર ફોન કરવા વિનંતી છે.
આ **અનુદાન જૂન 2023ના બીજા મધ્ય ભાગમાં શરૂ થશે** અને નિવેદન જમા કરવાનું **14 જુલાઇ 2023ના રોજ સાંજે 5 વાગ્યે** સમાપ્ત થશે.

### 8.1 **પરખનું માર્ગદર્શન**

આ અનુદાન જાહેર નાણાંમાંથી આવતું હોવાથી, અમારે પરખ કરવાની તપાસ હાથ ધરવાની જરૂર છે. તમે જે દર્શાવો છો એ તમે છો તે બાબતે તપાસ માટેના તથા જ્યારે તમે પ્રોજેક્ટ શરૂ કરો છો તો તેને સંબંધિત નીતિઓ અને વીમાને તેમાં સ્થાન આપ્યું છે કે નહીં તે જોવા માટે આ પરીક્ષણો છે.

તમારી અરજી સાથે તમારે એક પછી એક પત્રકોની શ્રેણી આપવાની રહેશે:
- તમારા અને તમારા પ્રાયોજકની સંસ્થામાં 'વિસર્જન' અને 'સમાપન'ની કલમ સાથેના, નિયમનકારી કાગળો આપશો
- તમારા અને તમારા પ્રાયોજકની સંસ્થાના એકદમ હાલના ખાતાંઓની એક નકલ આપશો જેનું ઓડિટ થયું હોય અથવા યોગ્ય પણે, સંસ્થાના કદ અને નિયમનકારી બંધારણના આધારે સ્વતંત્ર રીતે તપાસાયેલું હોય
- જો તમે પ્રયોજકની સંસ્થા સાથે ભાગીદારી ધરાવતા હોવ તો,તમારા પ્રાયોજકની સંસ્થા તરફથી તમારા વતી ભંડોળને ધારણ કરવાની અને તેની ચોક્કસ હેતુસર વાપરવાની પુષ્ટિ કરતો, એક પત્ર તેના સંદર્ભના નિવેદન સાથે (જો લાગુ પડતું હોય તો) જોડશો
- તમારા કે તમારા પ્રાયોજકની સંસ્થાઓના ચાલુ વર્ષના રોકડ પ્રવાહ (કેશ ફ્લો)નું નિવેદન આપશો
- તમારા કે તમારા પ્રાયોજકની સંસ્થાઓના ચાલુ વર્ષનું અંદાજ પત્ર(બજેટ) પૂરા પાડશો.
- તમારા કે તમારા પ્રાયોજકની સંસ્થાઓના નાણાંકીય નિયમો/કાર્યવાહીઓ પૂરા પાડશો.

જો તમે સફળ રહ્યાં તો, તમને વધારાના કાગળો આપવાનું કહેવામાં આવશે:
- પુષ્ટિ કરશો કે તમે કે તમારા પ્રાયોજકની સંસ્થાઓમાં યોગ્ય જાહેર જવાબદારી અને નિયોક્તાની વિમાની જવાબદારી હોય
- તમારી કે તમારા પ્રાયોજકની સંસ્થામાં સુરક્ષાની નીતિ હોય
- તમારી કે તમારા પ્રાયોજકની સંસ્થામાં સમાનતા, વિવિધતા અને સમાવેશની નીતિ/નિવેદન

**નિષ્પક્ષતા**: જો તમે માંગણી રજૂ કરવાનું નક્કી કરી રહ્યાં હોવ, તો તમારી સંસ્થાના નિષ્પક્ષતાના અગાઉના રેકોર્ડનું મૂલ્યાંકન કરવામાં આવશે. તેમાં તપાસણીનો સમાવેશ થાય છે:
- સોશ્યલ મીડિયાની પોસ્ટો કોઇ પણ પક્ષો-રાજનૈતિક ટીપ્પણીઓ, પક્ષની સભ્યતા અથવા અયોગ્ય વર્તણૂક જેનાથી જીએલએને જોડાણ દ્વારા અપમાનિત થવું પડે.
- વેબસાઇટ, ખાસ કરીને સંચાલકો અને ટ્રસ્ટીઓની માહિતીઓ, નોંધેલ સરનામાં અને કોઇ પણ પ્રવૃતિ કે કથનો જે પક્ષના રાજનીતિક હિમાયત કે પ્રવૃત્તિ તરીકે ગણવામાં આવશે.
- દાન આયોગ અને કંપની હાઉસ.
- ગૂગલ સર્ચ (શોધ) મારફત વિવાદો માટે સંસ્થાઓની પ્રતિષ્ઠા અને આગાઉનો રેકોર્ડ.

તમારા પહેલાના રેકોર્ડના પુરાવા આપવા વિનંતી, ખાસ કરીને પહેલાના નિષ્પક્ષ નાગરિક અને લોકતાંત્રિક જોડાણની પ્રવૃત્તિ માટે, તેના અવકાશો અને અસરો. જો તમને કોઇ અનુભવ ન હોય અથવા ખૂબ સીમિત અનુભવ હોય, તો નાગરિક અને લોકતાંત્રિક હક્કો

વિષેની તમારી સમજ દર્શાવવા વિનંતી, આ સહભાગીતામાં તમારા સમુદાયના અવરોધો, અને કોઇ પણ ભાગીદારી કાર્ય સહિત આ અંતરને જણાવવા તમે કેવી રીતે યોજના કરી.

**9. અનુદાનમાં કયા ખર્ચ આવરી લેવામાં આવશે?**

અમે બહોળી શ્રેણીની પ્રવૃત્તિઓ અને તમારા પ્રોજેક્ટ ચલાવવાને લગતા ખર્ચાઓ માટે ભંડોળ આપીશું.
પ્રવૃતિમાં સમાવેશ કરવામાં આવી શકે છે (પણ તેને સીમિત નહીં):

- કર્મચારીઓનું વેતન (લંડન લિવિંગ વેજને સમાંતર), જે આ પ્રોજેક્ટમાં તેઓના સમાવેશના પ્રમાણમાં
- સ્ત્રોતો, સ્થળ ભાડે રાખવું, ઠંડાપીણાં સહિતનો પ્રવૃત્તિના ખર્ચા
- બીએસએલ અનુવાદક, સમુદાયની ભાષાઓમાં સ્ત્રોતોના અનુવાદ સહિત સુલભતાના ખર્ચ[2]
- આવવા-જવાના ખર્ચ, ઠંડાપીણાં, સહભાગીતાની ફી (લંડન લિવિંગ વેજ) સહિતના સ્વયં સેવકોના ખર્ચ
- પ્રોજેક્ટમાં મદદ માટે લોકોને નિયુક્ત કરવાના ખર્ચા સહિત (જેમ કે ગ્રાફિક ડિઝાઇનર, વિડીયો બનાવનાર, બોલનારની ફી, વગેરે)વ્યવસાયી ફી
- લોકો સુધી પ્રવૃત્તિઓને પહોંચાડવા માટે સામગ્રીઓ અને સ્ત્રોતોનું ઉત્પાદન (તેઓ જીએલએ દ્વારા પહેલેથી જ ઉત્પાદિત સામગ્રીઓની નકલ ન કરતાં હોવાં જોઇએ)
- કર્મચારીના આવવા-જવાના, પ્રિન્ટિંગ, માર્કેટિંગ અને સંચાર સહિતના પ્રોજેક્ટ સંચાલન ખર્ચ
- માથાદીઠ ખર્ચ, થયેલા કામના પ્રમાણમાં હોવો આવશ્યક છે અને તમારી કુલ અનુદાન રકમના 30%થી વધારે ન હોવો જોઇએ, તમારે એ રકમ કેવી રીતે આવી તેની સ્પષ્ટ ગણતરીનો સમાવેશ કરવો આવશ્યક છે

પ્રોજેક્ટની પ્રવૃત્તિઓ માટે સુલભની જરૂરિયાતને સહાય આપવા માટે થતાં ખર્ચાને અનુદાનમાં આવરી લેવાની અમે આશા કરીએ છીએ.

**10. અનુદાનમાં કયા ખર્ચ નહીં આવરી લેવામાં આવે?**

અનુદાનમાં આ મુજબના ખર્ચા નહીં આવરી લેવામાં આવે:

- પ્રોજેક્ટ વિતરણ સંબંધિત ન હોય તેવા સામાન્ય વ્યવસ્થા ખર્ચ
- સામુદાયિક સલાહ અને/અથવા તમારી અરજી આપવામાં થયેલ કોઇપણ ખર્ચ સહિતના પૂર્વલક્ષી ખર્ચા
- ઉંચા ધોરણના મૂળી ખર્ચા અથવા સામુદાયિક ઇમારતોના નિયમિત સમારકામ અને નજીવા સુધારા ખર્ચ
- અરજી પર અમે નિર્ણય આવીએ એ પહેલા જ થયેલી પ્રવૃત્તિઓ
- નિષ્પક્ષતાના પરીક્ષણને પહોંચી વળવા પ્રવૃત્તિઓ અને સ્ત્રોતોની તપાસ જીએલએ દ્વારા થઇ ન હોય
- લંડન બહારની અને નફો કરતી પ્રવૃત્તિઓ
- લોનની ચૂકવણીઓ
- વસૂલાતને પાત્ર વેટ - જો તમે વેટની નોંધણી કરી નથી, તો તમારા કાર્યક્રમને માટે ભંડોળની તમારી અરજીના ભાગરૂપે તમારે વેટના ખર્ચા આવરી લેવા જરૂરી છે.

**11. શું ભંડોળ આપવું તે તમે કેવી રીતે નક્કી કરશો?**

---

[2]પ્રોજેક્ટની સુલભતા એટલે કે, તમે દરેકને સમુદાયના જુથ/થોમાં કેવી રીતે આવરી લો છો જેથી તેઓ તમારા પ્રોજેક્ટમાં પૂરતી રીતે શક્યપણે ભાગ લઇ શકે. અરજદારોએ જરૂર જણાય ત્યાં પ્રોજેક્ટોની સુલભતાના ખર્ચાઓ દેખાડીને અંદાજપત્રની મર્યાદા સમાવવી, દાખલા તરીકે વિવિધ સ્વરૂપમાં અથવા સમુદાયની ભાષાઓમાં માહિતી આપી, આયોજનો કે સમારોહોમાં બ્રિટિશ સાંકેતિક ભાષા અનુવાદક પૂરા પાડવા, અથવા બાહ્ય કે વાસ્તવિક વાતાવરણમાં મેળ કરવા માટે ગોઠવણી કરવી.

અમે અમુક ચાવીરૂપ પરિબળો પ્રતિ તમારી અરજીનું મૂલ્યાંકન કરીશું:

- આ અવકાશમાં તમારી સંસ્થાનો અગાઉનો અનુભવ અને લોકતાંત્રિક સહભાગીપણાની સમજ અને અમુક જૂથોને અસર કરતાં અવરોધો
- સૌથી વધુ બિન-નોંધેલ અને લઘુમતીવાળા જૂથો સુધી પ્રોજેક્ટ કેવી રીતે પહોંચે છે અને પ્રોજેક્ટની પ્રવૃત્તિ દ્વારા ભંડોળનો ઉદ્દેશ કેવી રીતે પૂરો કરવામાં આવે છે.
- પ્રોજેક્ટના વિકાસ અને વિતરણમાં સમુદાય જોડાયેલ છે તેની તમે કેવી રીતે ખાતરી કરશો
- અંદાજપત્રમાં સુલભતાને કેવી રીતે ધ્યાનમાં લેવામાં આવી છે અને વિભાજિત કરવામાં આવી છે
- પ્રોજેક્ટ પ્રવૃત્તિ કાયદાના માર્ગદર્શન સાથે કેવી રીતે અનુરૂપ છે અને દરેક વખતે કેવી રીતે નિષ્પક્ષ રહેશે
- તમારા પ્રસ્તાવને શક્ય કરવા માટે, સારી રીતે વિચારેલ અંદાજપત્ર અને સમય મર્યાદા સહિતના કોઇપણ જોખમો અને તે જોખમોને કેવી રીતે ઘટાડી શકો એ સહિતની બાબતો માટે તમે કેટલા સ્પષ્ટ છો
- શું એ સંસ્થા સમાનતાના નેતૃત્વથી ચલાવવામાં આવે છે
- વિતરણ અને પ્રભાવો પર દેખરેખ કરવા તમે કેવી રીતે આયોજન કરો છો, સાથે જ મધ્યવર્તી અને આખરી મૂલ્યાંકનના અહેવાલો દ્વારા તેની જાણકારી આપો છો

**12. શું સંસ્થાઓને અનુદાનના ભંડોળથી ચાલતી પ્રવૃત્તિની જાણ કરવી જરૂરી છે?**

હા, અનુદાનનું ભંડોળ પ્રાપ્ત કરતી તમામ સંસ્થાઓને તેઓના પ્રોજેકટોની જાણ કરવી જરૂરી છે. તેમાં આ પ્રમાણેના મુદ્દાનો સમાવેશ થાય છે:

- ઑક્ટોબરની મધ્યે અને ડિસેમ્બર 2023 ની શરૂઆતમાં ઉચ્ચ કક્ષાના મધ્ય-વિતરણ અહેવાલો
- આખરી માહિતી સાથેનો મૂલ્યાંકન અહેવાલ માર્ચ 2024ના અંતમાં

સફળ અરજદરોને અમે દેખરેખ અને મૂલ્યાંકનને લગતી માહિતી વિષે વધુ માહિતી આપીશું કે જે અમે ઇચ્છીએ છીએ કે પ્રોજેક્ટ શરૂ થાય તે પહેલાં, સ્વાગત કે પ્રારંભની બેઠકમાં તેઓ માહિતી એકઠી કરે, પરંતુ અમુક અગત્યના આંકડાઓમાં સમાવેશ થઇ શકે છે (આ સંપૂર્ણ યાદી નથી):

- બિન-નોંધેલ અને લઘુમતીવાળા લંડન વાસીઓની કુલ સંખ્યા અને વસ્તી (ઉંમર, લિંગ, વંશીયતા અને અન્ય મૂળ સંરક્ષિત લક્ષણો) કે જેઓ અનુદાનના ભંડોળથી ચાલતી પ્રવૃત્તિમાં ભાગ લે છે અને જ્યાં આ પ્રવૃત્તિઓ ચાલી હોય તે સ્થળો અને નગર-પાલિકાની માહિતી.
- અનુદાનથી કરેલી પ્રવૃત્તિ દ્વારા કરવામાં આવેલા આયોજનમાં રૂબરૂ થયેલી મતની નોંધણી, ફોટો મતદાર આઇડીના સ્વીકાર્ય ફોર્મ અથવા ની:શુલ્ક વોટર ઓથોરીટી સર્ટિફિકેટના અરજદારોની કુલ સંખ્યા
- સોશ્યલ મીડિયાના માધ્યમે પહોંચ અને જોડાણ જેથી બિન-નોંધેલ અને લઘુમતીવાળા સમુદાયો સમજે અને તેઓના દિવાની અને લોકતાંત્રિક હક્કોના ફેરફારો બાબતે વધુ સારી જાગરૂકતા ફેલાય. અનુદાનથી ચાલતા પ્રોજેકટોમાં ભાગ લીધેલો હોય તેવા બિન-નોંધેલ અને લઘુમતીવાળા લંડન વાસીઓ કે તેઓ જણાવે છે કે તેઓને લાગે છે કે તેઓ પાડોસના અને/અથવા લંડનના છે, તેઓ અવાજ ઉઠાવવા અને તેઓનો મત આપવા તૈયાર છે, તેઓના પ્રતિસાદ/કેસનો અભ્યાસ/અધ્યયન (કેસ સ્ટડી).

**13. અનુદાન પ્રાપ્ત કરનારાઓને ભંડોળ મેળવ્યા બાદ શું સહાય આપવામાં આવશે?**

અનુદાન પ્રાપ્ત કરનારાઓને અનુદાનના સમયગાળામાં સામાન્ય પ્રશ્નો થી લઈને આઇટી સુધી, સુલભતા અને નિષ્પક્ષ સહાય આપવામાં આવશે. ગ્રાઉન્ડવર્ક દ્વારા સહાય આપવામાં આવશે અને જીએલએ એક્ટિવ સીટીઝનશીપ એન્ડ ડેમોક્રેટિક પાર્ટિસિપેશન પ્રોગ્રામ (સક્રિય નાગરિક અને લોકતાંત્રિક સહભાગી કાર્યક્રમ)ના ભાગરૂપે જીએલએ જુથ આ અનુદાન કાર્યક્રમ પર નજર રાખશે.

અનુદાન પ્રાપ્ત કરનારાઓને પરિચયિક વર્કશોપમાં આમંત્રવામાં આવશે જેમાં અનુદાન વિતરણ, દેખરેખ અને મૂલ્યાંકન વિષેની માહિતીઓ આવરી લેવામાં આવશે.

અનુદાન પ્રાપ્ત કરનારાઓને આગળ વધારાની તાલીમ, સલાહથી પણ સહાય આપવામાં આવશે અને સ્વતંત્ર સંસ્થા એટલે કે જેવો જીએલએ અને ગ્રાઉન્ડવર્કની કામગીરીની પ્રક્રિયામાં હોય, તેઓ દ્વારા નિષ્પક્ષતા માટે મદદ આપવામાં આવશે. તેમાં પ્રારંભિક પરિચયિક વર્કશોપનો સમાવેશ કરવામાં આવશે જેમાં બધા અનુદાન પ્રાપ્ત કરનારાઓએ હાજરી આપવી જોઇએ અને વિતરણ દરમ્યાન વધારાની સહાય કરવી જોઇએ.

ફોન, વિડીયોકૉલ અને ઈમેલ દ્વારા તમે ગ્રાઉન્ડવર્ક સાથે સંપર્ક કરી શકશો, જરૂર જણાય તો રૂબરૂ બેઠકો કરી શકાશે. અમે ભાગીદારીના કાર્યોમાં, સ્વયંસેવક સંચાલન, અંદાજકામ, લે-વેચની વ્યવસ્થા અને વાતચીતના વ્યવહારો અને અન્ય મુદ્દાઓ પર સલાહ આપી શકીએ છીએ. વિતરણના ગાળામાં પ્રોજેક્ટની મુલાકાત માટે ગ્રાઉન્ડવર્ક તમામ સફળ અરજદારોનો સંપર્ક કરશે અને કિસ્સાના અભ્યાસ માટે સામગ્રી એકઠી કરશે.

ઓનલાઇન જાગરૂકતા જગાવતી પ્રવૃત્તિની અસરનું ચોક્કસાઇપૂર્વક પ્રદર્શન કરવા માટે સોશ્યલ મીડિયાના આંકડાઓ પર કેવી રીતે નજર રાખવી, આંકડા એકઠા કરવા અને નોંધવા તેનું માર્ગદર્શન અને સહાય આપવા માટે ગ્રાઉન્ડવર્ક તમામ અનુદાન પ્રાપ્ત કરનારાઓને સોશ્યલ મીડિયાની તાલીમ પણ પ્રદાન કરશે.

તમારા પ્રોજેક્ટના વિતરણ અને મૂલ્યાંકનના તબક્કાને ટેકો આપવા માટે ખાતરી કરવા કે બધા કાર્યક્રમ સંબંધિત કાગળો (મોટી પ્રિન્ટ, ઇઝી રીડ (સરળ વાંચન) અને બીએસએલ) બહેરા અને વિકલાંગ લંડનવાસીઓ માટે સુલભ રહે તેના માટે ગ્રાઉન્ડવર્ક £27,000નું સુલભ પાત્ર સંભાળશે.

### 14. આ અનુદાન ભંડોળમાં જીએલએનું કાયદાનું માર્ગદર્શન અને નિયમન શું છે?

આ કાર્યના સ્વરૂપને કારણે, નિષ્પક્ષતાની ખાત્રીને પહોંચી વળવા માટે જીએલએ રચેલા કાયદાના પરિબળો છે. બધા અનુદાન પ્રાપ્ત કરનારાઓએ આ મુજબની બાબતોની ખાતરી કરવી જરૂરી છે:

- સંવાદ સંદેશ, જોડાણ અને વિતરણની રીતે દરેક વખતે નિષ્પક્ષતા હોવી આવશ્યક છે, જેમાં લંડનના મેયર સાથે કોઈ સીધું જોડાણ ન હોય તથા કોઈ રાજનૈતિક પક્ષ કે વ્યક્તિગત રાજનેતાનો પ્રચાર ન થતો હોય.
- માહિતીની સમગ્રીઓ પર અને આયોજનોની અને અન્ય સંબંધિત પ્રવૃત્તિની જાહેરાત કરવા માટે "સપોર્ટેડ બાય ધ જીએલએ" લોગો વાપરવામાં આવશે.
- બધી પ્રવૃત્તિઓ અને માહિતીની સામગ્રીઓ તટસ્થ રાજનીતિની અને નિષ્પક્ષ હોવી જરૂરી છે અને કોઈ રાજનૈતિક પક્ષ કે રાજનેતાનો વ્યક્તિગત પ્રચારમાં સંકળાયેલા હોવાનું માનવામાં ન આવવું જોઈએ.

નોંધ: નિષ્પક્ષતાની ખાતરીની સહાય માટે, પ્રોજેક્ટ શરૂ થતાં પહેલા અને વિતરણ દરમ્યાન અનુદાન મેળવનારાઓએ પ્રોજેક્ટ પ્રવૃત્તિઓ, સામગ્રીઓ અને જાહેર સંચારોને શરૂ કરવા માટેની સ્પષ્ટતા મેળવવી જરૂરી છે. કોઈપણ પ્રવૃત્તિ, સામગ્રીઓ અથવા જાહેર સંચાર જીએલએ દ્વારા મંજૂર ન કરવામાં આવ્યો હોય તો તે અનધિકૃત માનવામાં આવશે અને તેની ચુકવણી કરવામાં આવશે નહીં.

### 15. હવે અરજી કરો

અરજીના પોર્ટલ દ્વારા અહીં અરજી કરવા વિનંતી. અરજીના પોર્ટલ પણ લઇ જતાં પહેલાં, તમે અને તમારો પ્રોજેક્ટની ભંડોળની પાત્રતાની ખાતરી કરવા માટે તમને પાત્રતાને લગતી ટૂંકી પ્રશ્નાવલી ભરવાનું કહેવામાં આવશે.

જો તમને અરજીનું પોર્ટલ વાપરવામાં મદદ કે સહાયની જરૂર હોય તો, અરજી પત્ર પૂરું ભરો અથવા અલગ સ્વરૂપમાં અરજીનો વપરાશ કરવાની જરૂર લાગે તો, VoterIDGrants@groundwork.org.uk પર ઇમેલ દ્વારા અથવા 020 7239 1390પર ફોન કરી ગ્રાઉન્ડવર્કનો સંપર્ક કરવા વિનંતી, અને જૂથના સભ્યો રાજી-ખુશીથી તમારી મદદ કરશે.

અરજીની પ્રક્રિયા શરૂ કરતાં પહેલાં, અમે ભારપૂર્વક સલાહ કરીએ છીએ, કે તમે અરજીના માર્ગદર્શનને આ માહિતી પત્રકની સાથે ચકાસશો, કારણ કે આ તમને અરજીના પ્રશ્નો દેખાડશે, ચોક્કસ પ્રશ્નોને કેવી રીતે પૂરા કરવા તેના વિષે માર્ગદર્શન આપશે, અને તમારા પ્રશ્નોના શક્ય જવાબો વિષે તમે વિચાર કરી શકશો. તમારી અરજીનું મૂલ્યાંકન કેવી રીતે કરવામાં આવશે તે સમજવા માટે અમે મૂલ્યાંકનના આંકડાઓ અને અરજીના પોર્ટલ માટે વપરાશકર્તાનું માર્ગદર્શન વાંચવાની પણ સલાહ કરીએ છીએ, જે તમને જણાવશે કે અરજીનું પોર્ટલ કેવી રીતે ચલાવવું અને વાપરવું. તમે આ કાગળો ગ્રાઉન્ડવર્ક વેબસાઇટ પર, અહીં મેળવી શકો છો, .

આ **અનુદાન જૂન 2023ના બીજા મધ્ય ભાગમાં શરૂ થશે** અને નિવેદન જમા કરવાનું **14 જુલાઇ 2023ના રોજ સાંજે 5 વાગ્યે** સમાપ્ત થશે.

SUPPORTED BY GREATER LONDON AUTHORITY GROUNDWORK